અપીલ અરજી નં.૧૧૦ તા.૧૮–૭–૦૯/૧૦

અરજદારઃ– શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર

સામાવાળાઃ–ડે.કમિશ્નર(સ્પે) અને જાહેર માહિતી અધિકારી (રીક્રુટમેન્ટ)

***ફરીયાદની હકીકતઃ–***

***વિષયઃ***–આરટીઆઈ એકટ હેઠળ શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૧૭–૬–૦૯ ની અરજીથી ૧૦૨ ડ્રાઈવરોની ખાલી જગ્યાની પ્રતિક્ષા યાદી જે તા.ર–૬–૦૯ ના રોજ મહેકમ રીક્રુટમેન્ટ વિભાગના નોટીસ બોર્ડ ઉપર મુકવામાં આવેલી હતી જેમાં ૧૦૨ ડ્રાઈવરોની શૈક્ષણિક લાયકાતની હેવી વ્હીકલ લાયસન્સ તથા અનુભવના પ્રમાણપત્રની સહી સિકકાવાળી નકલ મેળવવા બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૧૮–૭–'૦૯ ની અપીલ અરજી નં.૧૧૦/૨૦૦૯–૧૦

શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૧૭–૬–૦૯ ની અરજીથી ૧૦૨ ડ્રાઈવરોની ખાલી જગ્યાની પ્રતિક્ષા યાદી જે તા.ર–૬–૦૯ ના રોજ મહેકમ રીક્રુટમેન્ટ વિભાગના નોટીસ બોર્ડ ઉપર મુકવામાં આવેલી હતી જેમાં ૧૦૨ ડ્રાઈવરોની શૈક્ષણિક લાયકાતની હેવી વ્હીકલ લાયસન્સ તથા અનુભવના પ્રમાણપત્રની સહી સિકકાવાળી નકલ મેળવવા બાબતે ૧૦૨ ડ્રાઈવરોની પ્રતિક્ષા યાદીની જગ્યાએ ૫૮ ડ્રાઈવરોની નિમણુંક ઓર્ડરની યાદી પત્ર નં.જીએડી/ઈએસટી/આ.નં.૨૮૫ તા.૭–૭–૦૯ થી આપેલ છે જેથી અધૂરી મળેલ માહિતીના પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૮–૭–૦૯ થી અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, તબદીલ કે આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા/ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૪૩૪ તા.૨૭–૭–૦૯ થી ડે.કમિશ્નર(સ્પે) અને જાહેર માહિતી અધિકારી (રીક્રુટમેન્ટ)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/આર//આ.નં.૩૭૯ તા.૨૮–૭–૦૯ થી અત્રેના વિભાગને પૂરક વિગતો મળેલ છે. જેમાં અરજદારની મુળ અરજી તથા અરજદારને તા.૭–૭–૦૯ ના રોજ આપેલ માહિતીની નકલ તથા તા.૨૧–૭–૦૯ ના રોજ પુનઃ કરેલી આરટીઆઈ એકટ હેઠળની અરજીની નકલ અત્રેના વિભાગને મળેલ છે.

અરજદારની તા.૧૭–૬–૦૯ ની અરજીથી ૧૦૨ ડ્રાઈવરોની ખાલી જગ્યાની પ્રતિક્ષા યાદી જે તા.ર–૬–૦૯ ના રોજ મહેકમ રીક્રુટમેન્ટ વિભાગના નોટીસ બોર્ડ ઉપર મુકવામાં આવેલી હતી જેમાં ૧૦૨ ડ્રાઈવરોની શૈક્ષણિક લાયકાતની હેવી વ્હીકલ લાયસન્સ તથા અનુભવના પ્રમાણપત્રની સહી સિકકાવાળી નકલ મેળવવા માંગણી કરેલ. જેના અનુંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અનુક્રમ નંબર, ઉમેદવારનું નામ, ઉંમર, લાયસન્સ નંબર, અને શૈક્ષણિક લાયકાતનું પત્રક તૈયાર કરી નં.૧ થી ૫૮ ઉમેદવારોની જેના નિમણુંક ઓર્ડર આપવામાં આવેલ છે તેની માહિતી પર્સોનલ ઓફિસર (આર) અને મ. જાહેર માહિતી અધિકારીની સહીવાળી નકલ અત્રે રજૂ કરેલ છે. પરંતુબાકીના ઉમેદવારોના નિમણું ક ઓર્ડર જરૂરીયાત પડયેથી કાઢવામાં આવશે તેવું જણાવી અરજદારને અન્ય કોઈ માહિતીની જરૂર હોય તો રૂબરૂમાં આવીને ઈન્સ્પેકશન મારફત અથવા ચોકકસ માહિતીની જરૂર હોય તો તે મુજબ પત્ર વ્યવહાર કરી પૂરી પાડવા જાહેર માહિતી અધિકારીએ તૈયારી દર્શાવેલ છે. અરજદારે મુળ અરજી તથા અપીલ તબકકે તા.૬–૨–૦૯ ના રોજ નો ટીસ બોર્ડ ઉપર ૧૦૨ ડ્રાઈવરોની પ્રતિક્ષા યાદી પ્રસિધ્ધ કરવામાં આવી હતી. શૈક્ષણિક લાયકાત હેવી મોટર વ્હીકલ લાયસન્સ અને અનુભવ પ્રમાણપત્રની સહી સિકકાવાળી માંગણી કરેલ છે. જે પૈકી ૫૮ ઉમેદવારોની યાદી પૂરી પડાયેલ છે. પરંતુ બાકીના ઉમેદવારોની યાદી તથા સહી સિકકાવાળી નકલ પ્રસિધ્ધ કરેલી યાદીની વિગતે ઉપલબ્ધ રેકર્ડ આધારીત માહિતી અરજદારને પૂરી પડાયેલ જણાતી નથી. જાહેર માહિતી અધિકારીએ લાયસન્સ પ્રમાણપત્રોની નકલો બાબતે આરટીઆઈ એકટની કલમ ૮,૯ કે ૧૧હેઠળના કોઈ અપવાદ ઉપસ્થિત કરી ઈન્કારનું કારણ જણાયેલ નથી.

***હુકમ***

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૭–૬–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી ફરીયાદની હકીકતમાં નિર્દિષ્ટ વિગતે નહીં પૂરી પડાયેલી માહિતી જરૂર જણાયે કલમ–૧૧ હેઠળ ત્રાહિતને લગતી માહિતીના કિસ્સામાં તે પ્રક્રિયા હાથ ધરીને ઉચિત નિર્ણય પશ્ચાત જે માહિતી જાહેર કરવા નિર્ણય હોય તે આરટીઆઈ કાયદાની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા ડે.કમિશ્નર(સ્પે) અને જાહેર માહિતી અધિકારી રીક્રુટમેન્ટને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/

તારીખ : –૮ – ૦૯

ડે.***કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) ડે.કમિશ્નર(સ્પે) અને જાહેર માહિતી અધિકારી (રીક્રુટમેન્ટ).... જાણ તથા અમલ માટે

(૨) શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર,